Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-18, Issue-3, December-2024

# સૌરાષ્ટ્રના નારી રત્નો

ડૉ. જયેશ રાષ્ટ્રકૂટ, રાજકોટ

પ્રસ્તાવના:

ૐ વિશુદ્ધજ્ઞાનદેહાય
ત્રિવેદીદિવ્યચક્ષુષે ।
શ્રેયઃપ્રાપ્તિનિમિત્તાય નમઃ
સોમાર્ધધારિણે ॥
સર્વમેતદ્વિજાનીયાન્મન્ત્રાણામપિ
કીલકમ્ ।
સોઽપિ ક્ષેમમવાપ્નોતિસતતં
જપ્યતત્પરઃ ॥
ૐ જય ત્વં દેવિ ચામુણ્ડે જય
ભૂતાપહારિણિ ।
જય સર્વગતે દેવિ કાલરાત્રિ
નમોઽસ્તુ તે ॥
જયન્તી મઙ્ગલા કાલી ભદ્રકાલી
કપાલિની ।
દુર્ગા શિવા ક્ષમા ધાત્રી સ્વાહા
સ્વધા નમોઽસ્તુ તે ॥

નવરાત્રિ એટલે દેવી આદ્યશક્તિની ઉપાસના અને આરાધનાનુ પર્વ છે. ભારતીય સંસ્કૃતિમાં આ નવ દિવસ દરમિયાન આખા જગતની માતા - જગદંબા, દુર્ગાના નવ સ્વરૂપની પૂજા અર્ચના થાય છે. આપણી સંસ્કૃતિમાં આ જગદંબા જોગણી સ્વરૂપ અનેક નારી રત્નો થઈ ગયાં, જેમણે માનવ દેહમાં દૈવિત્વ પ્રાપ્ત કરી બતાવ્યું છે. આ દૈદીપ્યમાન નારાયણી સ્વરૂપ અનેક સ્ત્રી રત્નો આપણી સંસ્કૃતિમાં સુખ્યાત છે.

સૌરાષ્ટ્રના નારી રત્નો:

વેધક મુખ વાણી ના અકળાણી,
રીત પુરાણી તે જાણી;
સદગુણની ખાણી, લાભ કે હાણી,
રંગ જ એકે રંગાણી.
એવી ભૂમિ આવી, વાસ વસાવી,
જરી ન રુદિયે ઝઝકાણી;
સૌરાષ્ટ્રે શાણી, રાખ્યું પાણી,
વીરાંગના તું વરતાણી.
- બળદેવભાઈ નરેલા

ભારતીય પરંપરામાં શક્તિ કે પશ્ચિમની પરંપરામાં ઇવ અનાદી કાળથી પરમતત્ત્વ તરીકે છે, અથવા મનુષ્ય સ્વરૂપે સ્ત્રી વગરના સમાજની કલ્પના પણ ન થઈ શકે. સ્વ. મેઘાણીએ ‘સોરઠીયાણી’નું રૂપ આપ્યું છે, સોરઠીયાણી એ જાત-પાત નથી પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રના લોકજીવનના પ્રતિનિધિ સ્વરૂપ છે, એ સપારણ હોય ને લુવારણ પણ હોય અથવા તો મેતરાણી હોય કે નાગરાણી હોય કાઠિયાણી પણ હોય અને રજપૂતાણી પણ હોય. જે પરે, બાહ્યરૂપથી શરૂ થઈને અંતરના ઊંડાણ સુધી પહોંચે તે ગતિશીલ પ્રેમ છે, પ્રેમ ગતિહીન ન હોય શકે. ગતિહીનતા એ જડતા છે. પ્રેમ જીવનનો સાચો ધબકાર છે.

વાણિયાની દીકરી પદ્મા ભેંકાર વગડામાં ભૂત સાથે લગ્ન કરે છે, આ પ્રસંગ કેટલો રોમાંચકારી અને પાવક છે. શરીરની પેલે પાર પણ પ્રેમ શાશ્વત રહે છે, સૌરાષ્ટ્રની ધરાનું આ લૂણ છે. ભૂત માંગડાવાળાની મુક્તિ માટે પદ્માવતી ઓજસ્વી જીવનની આહુતિ આપી દે છે. એ જમાનામાં સામાજિક ક્રાંતિકારી કરવા નહીં, પણ પોતાના જીવને કોઈ અન્ય માટે કામ આવે એ ભાવની ઉદાત્તતાનું ઉત્તમ ઉદાહરણ મળે છે.

ભાવનગરના ગોહિલરાજને આઈ ખોડીયારનું મોટું શરણું હતું, શિહોરની ગાદી આઈ ખોડીયારને પ્રતાપે પામ્યા, તેવું માનનારા ગોહિલ રાજાઓ આજ દિવસ સુધી ખોડિયારને પૂજતાં આવ્યા છે. સિંધમાં નવલાખ ઘોડે જતા રા'નવઘણને ખોડ ગામે આઈ વરુવડીએ રોકી તેને જમાડયો, તેને સિંધમાં જવાનો રસ્તો સુજાડ્યો અને જેના પ્રતાપે નવઘણે જાહલની વાર કીધી અને સિંધના સુમરાને રોળ્યો હતો. ચિતોડના રાણા હમીરને કોઢ નીકળ્યો હતો. દેહ પાડી દેવાનો નિશ્ચય કરી તે જાત્રાએ નીકળ્યો, સૌરાષ્ટ્રમાં દ્વારકા આવતા રસ્તામાં ખોડ ગામે રોકાયો અને ત્યાં વરુવડીએ તેના કોઢ મટાડી સાજો કર્યો. આજે ભક્તિભાવવાળા માણસો સવારે ઊઠીને સૂરજની સ્તુતિ સાથે વરુવડીને વંદે છે.

આઈ નાગબાઈએ નીતિ ભૂલેલા રા'માંડલિકને સમજાવવામાં ખામી નહોતી રાખી છતાં તે સમજ્યો નહીં અને એનો વિનાશ થયો.

મતિ ફરી માંડલીકની, કાંધ આવી કખાત;

હતી નવ સરઠ ગઈ. તરકને હાથ.

'રતન ગયું રોળ' વાળી વાતમાં ચારણ પોતાની ચારણ્યને નદીના વેણમાં મૂકીને ગયો, જતા જતા ગળાના સમ દેતો ગયો, પાછળથી નદીમાં પૂર આવ્યું. ચારણના ગળાના સમ ચારણબાઈને મન લક્ષ્મણરેખા જેવા હતા એક ડગલું પણ તે ખસી નહીં અને પૂરમાં તે તણાઈ ગઈ. આવી ચારણ્ય પાછળ પછી ચારણ ગાંડો જ થાય ને.

સુઘડ હેતાળી સુંદરી, સુખની છાકમછોળ.

ધાંખાને ધમરોળ, પાદર તારે પોરહા.

સાંઇ નેહડી પોતાના ઉપર આળ ઓઢાડનાર પોતાના ચારણને શાપ તો દીધો પણ પછી, તે ચારણના દુઃખને તે જોઈ શકી નહીં એ રક્તપીતિયા પતિના પરુ એણે લૂછ્યા અને કરંડિયામાં નાખી બત્રીસ લક્ષણ પુરુષની શોધમાં ગામે ગામ રખડી. છેવટે તળાજાના એભલવાળા પાસે કાપડામાં એના બત્રીશ લક્ષણા પુત્ર અણાનું માથું માગી તેના લોહીમાં ચારણને નવરાવીને સાજો કર્યો. ચારણ્ય એક ભવમાં બે ભવ નથી કરતી. શેણીએ વિજાણંદની આખા મલકમાં શોધ કરી અને છેવટે તેની પાછળ હેમાળે જઈને ગળી ગઈ.

વિજાનંદની વરમાળ, હું બીજાને બાંધું નહીં;

ચારણ હોય લખચારમ, એને બાંધવું કંઈ બોલાવીએ.

મામડિયા ગઢવીની સાત દીકરીઓમાં આવડ સૌથી મોટાં હતા તેના રૂપ પર સુમરા રાજાએ કુદૃષ્ટી કરી આવડના કોપે માઝા મૂકી આખા સિંધના રાજને કચ્છના જાડેજાઓના હાથમાં દઈ સુમરાનુ ધનોત પનોત કરાવી પોતે શીલ જાળવી સૌરાષ્ટ્રમાં આવતા રહ્યા.

સરધારની બજારે ઘી વેચવા આવેલી ચારણ બાળા જીવણી ઉપર ત્યાંના બાકર શેખે કુદૃષ્ટી કરી 16 વર્ષની ચારણ કન્યા વીફરીને સિંહણી રૂપ બની ગઈ, માઢ મેડી ઉપર ચડી ત્યાથી બાકર શેખને નીચે પછાડ્યો તેના ગળાના નઢીએ બેસી તેને મારી નાખ્યો, ત્યાર બાદ પોતાના દેહ ઉપર એવા અધમ દુષ્ટ માણસની નજર પડવાથી એ અપવિત્ર થયું જાણી ત્યાં સરધારમાં જ દેહ પાડ્યો.

સવંત ૧૮૬૯ના આસો માસની સુદી પાચમને દિવસે સિમરોલી ગામને પાદર ધમસાણ મચ્યું. એ દિવસે માળીયા તાબાના ભાખરવડ ગામનો રામજીગોર પોતાની તેર ચૌદ વર્ષની પુત્રી સંતોકને સાથે લઈને માંગરોળ તાલુકાના કાલેજ ગામે હાટી જજમાનોમાં માપા ઉઘરાવવા માટે જતા હતા. અને પાદરે વિસામો લેવા બેઠા એ વખતે કુકસવાડાના રજપૂતો ગાયનું ધણ વાળી જાય છે અને ગાયુંને મારે છે આ વાત રામજીગોર પારકી સંપત્તિના રક્ષણ ખાતર બીજાના ગામની આબરૂ બચાવવા એ બ્રાહ્મણ ધણ પછવાડે હાથમાં ડાંગળું લઈ હાલી નીકળ્યો.

નજરે જોનારા બધા ખસિયાણા પડી ગયા એક નગાજણ હાટી વગર રામજી ગોર ધણ પાછળ ચાલી નીકળ્યા, રામજી મહારાજ

ધણની આડી આવીને ઊભો રહી પડકાર કરે છે કે ‘હવે ભાયડા બનજો જીવતું જાવું હોય તો ધણ છોડી દ્યો’ ત્યાં તો રામજી મહારાજની પીઠમાં એક ડાંગનો ઘા પડે છે અને માથામાં પથ્થરનો ઘા પડવાથી તે જમીન પર ઢળી પડ્યા. પિતાની આ સ્થિતિ જોતાની સાથે સંતોકની કાયા ધ્રુજી ઉઠી. રૂવાડા ઊભા થઈ ગયા અને કાલિકા ભવાનીનું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી જમીન પર પડેલી પિતાની ડાંગ ઉપાડીને વાઘણની અદાથી ઠેક મારે છે, ત્યાં બે જણા થઈને પકડી લીધી અને અત્યારે સંતોક ભાખરવડના બ્રાહ્મણની કન્યા મટીને કાલિકા ભવાની રૂપે ચડી હતી બાજુના ખેતરમાં છૂટેલા હળ તરફ સંતોકની દૃષ્ટિ પડતા સાથે જ કુદીને તેને હળમાંથી કોશિયાળો કાઢી પોતાના ગળામાં આરપાર ઉતારી દીધો, લોહીના ફુવારા છૂટ્યા અને તે લોહીના ભરેલા છાપવા સાથે ચોરટાઓ તરફ પડકારો કરીને દોડી કે ‘ગાયોનું લોહી પીવામાં બાકી રહી ગયું હોય તો હવે આ બ્રાહ્મણનું લોહી પી લ્યો. તો તમને નીરાત થાય. બ્રાહ્મણ કન્યાનું આ સ્વરૂપ જોઇ

જોનારા ઠરી ગયા, સંતોક છાપવા ભરી ભરીને લોહી છાંટે છે, બધા માફી માંગે છે. એ ત્યારથી રામજી ગોરના વંશજો કુકસવાડાનું પાણી પીતા નથી, ધાતરવડના બ્રાહ્મણો કુકસવાડા જતા નથી. સિમરોલી ગામના પાદરે અત્યારે પણ પાળીયો સમાધિ પર બિરાજે છે. દર સોમવારે સમસ્ત ગામજનો માતાજીનો દીવો કરી પાળીયા અને કુલેરનું નિવેદ્ય જુવારે છે.

લોક સમુદાયની કેટલીક અસામાન્ય નારીઓને નજીકથી નિરખી ધન્ય બનીએ: શું વખાણું ! કોને વખાણું ! એક-એક જગદંબા જોગણી છે. Feminism નામે લોકો શું શું બોલી લેતા હોય છે? તેઓ એ સૌરાષ્ટ્રનું લોકસાહિત્ય જોઈ જવું જોઈએ. એકે-એક નારી રત્ન પાછળ મજાની વાર્તા પડી છે. મલક આખાનો ભાર માથે લઈ બેસતી ગામ મોંટી ગોરાણીમા માણેક; વેવલી છતાં વહેવારરખી શેઠાણી ધનકોર; દરબારગઢે રાજપૂતીનાં રખોપા કરતી જાજરમાન માજીરાજબા રામબા; મોંટા માણસની મોંટાઈ ઉપર પોતાનું વ્યક્તિત્વ ઓળઘોળ કરી દેતી ખવાસણ ગોમતી; વડપણના વળગાડ વિનાની સુખડનાં કવાં જેવી કળશી કુટુંબમાં ખોંવાઈ ગયેલ મોંટાંબા કમળાં; નીતિ ધર્મને નખશિખ જાળવતી દેવીદૂત ચારણ્ય આલબાઈ; દ્વારકાના નાથને આશરે ઉજડગઢમાં પેટે પાટા બાંધી પોતરાને બિરદાવી મોટા કરતી વાઘેરાણી દેવુબા; કાઠીરાજના સાજ અને ઓરડાને રૂપાળાં હૈયાં અને હાથે શણગારતી કાઠિયાણી તેજબા; ડાહી ડમરી વાતે કરતી વધુકી વાણંદયાણી વાલીબાઈ; આઠ દશ બળદના તેલની નાતરાં મોધી આહિરાણી શેંભી; પાકા નીંભાડામાંથી ટકોરા મારી ઠામડાં કાઢતી કરશન ભગતની ઘરવાળી કુંભારણ કતુ; છારાં બાકરાના ઘેરામાં કાળી ઉનનાં લુગડામાં ઉભેલ ઉજળાં ઊરવાળી ભરવાડણ ભેની; સાથી જેટલું ખેતરે અને ઘેર કામ કરતી, ધરતી ધરબતી ચાલે ઉતાવળી ભાગતી કામઢી કણબણ ગલાલ; સરવા સાદની ગીતગાંડી કુંજડી જેવા કંઠવાળી ભીનેવાને ઘેડની કોળણ ભૂરી; કોળી–ખારવા નાથાની હાડ બળૂકી રૂપાળી દીકરી રામી; ટાઢ તડકામાં રોજ ગોઠણ-ગોઠણ પાણીમાં ઊભી ગામના લુગડાં ધોતી ધોબણ લાછું; હાટડીએ તેલ તુરી વેચતી ગામ આખાની મા મેમણ એમણાં ડોસી; હાલાર-બારાડીની આકરી ખેડમાં ઊભી રહેતી સતવારી બાઈ રંભા કે સગરબાઈ કાળી; નાઘેરની નમણી ખેતીમાં વનરાયે દીપતી કારડીઆણી કમાબાઈ કે ઘાંચણ રહીમાબાઈ; આઈનાં બા'નાં ઓઢેલ ભગવાનનું માણસ ભૂઈ સવધી; પારકે પુતરે સપુત્રી ભાંગ્યાની ભેરૂ ગીતનું ગાડું ઢેલી આઈ; માથાફાડ તડકામાં મોથ કાઢતી પઢારાણી પાની; નેસડાનાં વાછરાં-પાડરાં છેયાં-છોકરાં સાચવતી હાથમાં બડીકો રાખી ફરતી સાવજ જેવી ગિરની સીદણ હંવા; મરણ ટાણે કાણ્ય બોલાવવા વગર તેડે ઓરું ઓઢીને આવતી જમના કોઢણી; ગામનાં મેલાં વાળતી ભૂત જેવી ઝાંપડી

લાધી; ધણીથી દસેક વરસે મોંટી જોંકના જીવ જેવી સમજુ રબારણ જીવણી; ઈંઢોણું, સૂથિયાં, પોપટ ડમરાં કરી જાણતા હળવા હાથે દાણા સાટે ત્રાજવાં ત્રોફી દેતી દેવીપૂજક રાજલી; ઉજળાં વરણના પુરષોની કમત્યને ઘોળી પી ગયેલ અછૂત બાઈ માકી; બાપની ગેરહાજરીમાં છોકરાં માટે સવાઈ બાપ થઈ ઊભરતી પદ્મ પાંજરીની ઘરવાળી ખારવી ધની; નાત જાતની વાતને નેવે મૂકી ગતગંગામાં ઝીલકા ભરતી માતા જાનબાઈ. અંતે મહેર અષ્ઠ માતૃકાઓ પુરી, રૂડી, માલી, સાજણ્ય, સુમરી, લીરી, રૂપી અને ઊજીનું પણ પૂણ્ય સ્મરણ કરવું પડે.

સંદર્ભ ગ્રંથો:

1. સૌરાષ્ટ્રની રસધાર, ઝવેરચંદ મેઘાણી, પ્રકાશક : ગુજરાત સાહીત્ય અકાદમી, ગાંધીનગર

2. સોરઠી સંતવાણી, ઝવેરચંદ મેઘાણી, પ્રકાશક – ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ

3. સોરઠ તારાં વહેતાં પાણી, ઝવેરચંદ મેઘાણી, પ્રકાશક – ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ

4 સોરઠી સંતો અને સંતવાણી, ઝવેરચંદ મેઘાણી, પ્રકાશક : ગુજરાત સાહીત્ય અકાદમી, ગાંધીનગર